GJVD060003682020

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | :- | ૨૦/૦૧/૨૦૨૦ |
| નોંધણી તારીખ | :- | ૨૦/૦૧/૨૦૨૦ |
| નિકાલ તારીખ | :- | ૩૧/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | :- | વર્ષ ૦૬ માસ ૧૧ દિવસ ૧૧ |

## વાઘોડીયાના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (શ્રી વિકાસ સિયોલ) સાહેબની કોર્ટ, મુ.વાઘોડીયા.

**ફોજદારી કેસ નં.૩૩૪/૨૦૨૦**
**આંક-**

### ફોર્મ-એ

| | | |
|---|---|---|
| **જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, મુ.વાઘોડીયા, જી.વડોદરા.<br>હુકમની તારીખ :૩૧/૦૭/૨૦૨૬<br>ફોજદારી કેસ નંબર :૩૩૪/૨૦૨૦** | | |
| પોલીસ સ્ટેશન | વાઘોડીયા પોલીસ સ્ટેશન થર્ડ ગુના રજીસ્ટર નં. ૫૮૧/૨૦૧૯ | |
| ગુન્હો | ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમની કલમ-૬૫(એ)(ઇ),૯૮(૨),૮૧ મુજબ... | |
| ફરીયાદી | શ્રી સરકાર | |
| ફરીયાદી તર્ફે | વિ.એ.પી.પી.શ્રી એસ.એમ.દવે. | |
| **વિરૂધ્ધ** | | |
| આરોપી | ૧. | **નયનકુમાર ઉર્ફે નાનુભાઇ જવરસિંહ વણજારા**, ઉ.વ.પુખ્ત, રહે. કૃષ્ણા સોસાયટી, પીપલોદ (સાલીયા), ગોધરા રોડ, તા.દેવગઢબારીયા, જી.દાહોદ. |

| | | |
|---|---|---|
| | ૨. | **<u>જગદીશભાઇ અમરસિંગભાઇ વણજારા</u>**, ઉ.વ.પુખ્ત, રહે. પીપલોદ (સાલીયા), ગોધરા રોડ, તા.દેવગઢબારીયા, જી.દાહોદ. |
| આરોપી તર્ફે | | વિ.વ.શ્રી એચ.સી.ભાલીયા. |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૧/૦૭/૨૦૧૯ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૧/૦૭/૨૦૧૯ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૨૦/૦૧/૨૦૨૦ |
| તહોમતનામુ/પ્લીની તારીખ | ૨૦/૦૨/૨૦૨૦ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | ૧૮/૦૭/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | ૩૧/૦૭/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | N/A |

## આરોપીની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | કયો ગુન્હો નોંધાયેલ | છોડી મુકેલ કે સજા કરેલ | સજા કર્યાની વિગત | ક્રિ.પ્રો.કો.ની કલમ–૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નયનકુમાર ઉર્ફે નાનુભાઇ જવરસિંહ વણજારા | ૩૦/૦૭/૨૦૧૯ | ૦૯/૦૮/૨૦૧૯ | ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમની કલમ–૬૫(એ)(ઇ), ૯૮(૨),૮૧ મુજબ | છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. | N/A | N/A |
| ૨. | જગદીશભાઇ અમરસિંગભાઇ વણજારા | ૧૧/૦૭/૨૦૧૯ | ૨૬/૦૭/૨૦૧૯ | | | | |

## <u>ફોર્મ–સી</u>

**એ – ફરીયાદપક્ષે તપાસેલા સાહેદોના પુરાવાની યાદી:–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧. | દિનેશભાઇ સુપડીયાભાઇ તડવી | પોલીસ સાહેદ | ૧૨ |
| ૨. | વિપુલ હરખાભાઇ હરીજન | પંચ સાહેદ | ૧૪ |
| ૩. | હુસેન હૈદરમીયા સૈયદ | પંચ સાહેદ | ૧૬ |
| ૪. | પી.એસ.આઇ. ભગવંતસિંહ હરીસિંહ રાઠોડ | ત.ક.અ. | ૧૭ |

**બી – આરોપીપક્ષે તપાસેલા સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલા નથી.**

**સી – અદાલતે તપાસેલા સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલા નથી.**

**એ – ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–**

| **ક્રમ** | **આંક તથા સાહેદ નંબર જેમાં દસ્તાવેજ રજુ થયેલ છે.** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| ૧. | ૧૩ (ફ.સાહેદ નં.૧) | ફરીયાદીની ફરીયાદ |
| ૨. | ૧૫ (ફ.સાહેદ નં.૨,૩) | મુદામાલ રીકવરી પંચનામુ |
| ૩. | ૧૮ (ફ.સાહેદ નં.૪) | એફ.એસ.એલ. રીપોર્ટ |

**બી–બચાવપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**સી– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**ડી– અદાલત સમક્ષ લેવામાં આવેલ તકરારો તથા તેનું વર્ણન:– નથી.**

–––––––––––––––––––––––––––––––––––––––––––––

# **ચુકાદો**

(૧)... આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગુજરાત રાજયમાં પ્રતિબંધિત ભારતીય બનાવટના વિદેશી દારૂના કાચ/પ્લા.ના કવાટરીયા/બોટલો/બીયર ટીન કુલ નંગ–૭૧૮, કિ.રૂા.૭૫,૫૨૦/– નો પોતાના કબજાની સીટી હોન્ડા ગાડી રજીસ્ટર નં. જીજે–૦૬–એબી–૬૯૬૩ માં ભરી હાલોલથી વડોદરા રોડ ઉપર મોજે આસોજ ગામની સીમમાં ડીસન્ટ હોટલની સામે તા.૧૧/૦૭/૨૦૧૯ ના કલાક ૧૧/૧૫ વાગે હેરાફેરી કરી વિદેશી દારૂ બીયરનો જથ્થો કિ.રૂા.૭૫,૫૨૦/– તથા ગાડીની કિ.રૂા.૧,૦૦,૦૦૦/– મળી કુલ કિ.રૂા.૧,૭૫,૫૨૦/– નો પ્રોહી. મુદ્દામાલ ગેરકાયદેસર રીતે રાખી પોલીસ તથા પંચોના માણસોને જોઇ આરોપી નં.૧ નાનો નાશી જઇ પાછળથી પકડાય જઇ તથા આરોપી નં.૨ નાનો પકડાય જઇ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ વાઘોડીયા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા વાઘોડીયા પોલીસે પ્રોહી. ગુનો રજીસ્ટર કરી, તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ આરંભેલ અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમની કલમ–૬૫(એ)(ઇ),૯૮(૨),૮૧ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ.

(૨)... આ કામના આરોપીઓને નામદાર કોર્ટમાં હાજર રહેવા ધોરણસર સમન્સ કરતા, આરોપીઓ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પુરી પાડયા બાબતની ખાત્રી કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ સામે તહોમતનામુ આંક–૦૪ થી ફરમાવતા અનુક્રમે આંક–૦૫, આંક–૦૬ ઉપર આરોપીઓની ગુના સબબ પ્લી રેકોર્ડ કરતાં આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

(૩)... આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા **ફોર્મ–સી** માં જણાવ્યા મુજબના છે.

(૪)... આ કામે રેકર્ડ તથા પુરાવો ધ્યાને લેતા આ કામ આરોપીઓના ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ, પરંતુ આરોપી હાજર ન રહેતા તા.૧૮/૦૭/૨૦૨૬ ના રોજ આરોપીનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫)... ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે બચાવપક્ષે કોઇ હાજર ન હોય આરોપીઓનો દલીલનો હકક તા.૧૮/૦૭/૨૦૨૬ ના રોજ બંધ કરવામાં આવેલ છે.

(૬)... પક્ષકારો તર્ફે થયેલ રજુઆત ધ્યાને લેતા કેસના ન્યાયીક નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**<u>મુદ્દા:–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એવુ સાબિત કરે છે કે, આ કામના આરોપીએ ગુજરાત રાજયમાં પ્રતિબંધિત ભારતીય બનાવટના વિદેશી દારૂના કાચ/પ્લા.ના કવાટરીયા/બોટલો/બીયર ટીન કુલ નંગ–૭૧૮, કિ.રૂા.૭૫,૫૨૦/– નો પોતાના કબજાની સીટી હોન્ડા ગાડી રજીસ્ટર નં. જીજે–૦૬–એબી–૬૯૬૩ માં ભરી હાલોલથી વડોદરા રોડ ઉપર મોજે આસોજ ગામની સીમમાં ડીસન્ટ હોટલની સામે તા.૧૧/૦૭/૨૦૧૯ ના કલાક ૧૧/૧૫ વાગે હેરાફેરી કરી વિદેશી દારૂ બીયરનો જથ્થો કિ.રૂા.૭૫,૫૨૦/– તથા ગાડીની કિ.રૂા.૧,૦૦,૦૦૦/– મળી કુલ કિ.રૂા.૧,૭૫,૫૨૦/– નો પ્રોહી. મુદ્દામાલ ગેરકાયદેસર રીતે રાખી પોલીસ તથા પંચોના માણસોને જોઇ આરોપી નં.૧ નાનો નાશી જઇ પાછળથી પકડાય જઇ તથા આરોપી નં.૨ નાનો પકડાય જઇ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમની કલમ–૬૫(એ)(ઇ),૯૮(૨),૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭)... મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ અનુસાર.

(૮)... મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: નિર્ણય માટેના કારણો ::–</u>**

ફરીયાદપક્ષે આ સિવાય કોઈ દસ્તાવેજી કે સાહેદી પુરાવો રજુ કરેલ નથી. આ કામે ફરીયાદપક્ષે ઉપરોકત સાહેદોના પુરાવો નોંધવામાં આવેલ છે. જે પૈકી આંક–૧૫ વાળા મુદ્દામાલ રીકવરીના પંચનામાના પંચ સાહેદ વિપુલ હરખાભાઈ હરીજનને આંક–૧૪ થી તથા પંચ સાહેદ હુસેન હૈદરમીયા સૈયદને આંક–૧૬ થી તપાસેલ છે. આ પંચ સાહેદોએ તેમની સોગંદપરની જુબાનીમાં પોલીસે તૈયાર લખેલા કાગળમાં સહી કરાવેલાનું તથા લખાણ શેનુ હતુ અને શું લખેલ હતુ તેની તેમણે માહિતી ન હોવાનું જણાવેલ છે. આ કામે સદર પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરી સવાલો પુછવામાં આવેલ છે પરંતુ પંચનામાની વિગતોને સમર્થન કરતો પુરાવો આ કામે પંચ સાહેદોએ આપેલ નથી તેમજ ઉલટ તપાસમાં પણ આ પંચોએ એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી. સદર આંક–૧૫ થી રજુ પંચનામુ વંચાણે લઈ ધ્યાને લેતા જેમાં ફરીયાદીની ફરીયાદ મુજબ પંચોની હાજરીમાં પંચનામુ કરી આરોપીની અટક તથા મુદ્દામાલ રીકવર કરેલાની હકીકત જણાય છે પરંતુ આ કામે પંચ સાહેદોએ તેઓની પોલીસે એક તૈયાર લેખલા પંચનામામાં સહીઓ કરાવેલ હોવાની હકીકત જણાવે છે. વધુમાં આ કામે સ્થળ પર આરોપીની જે રોજ અટક થયેલ હતી તે વખતે કોઈ પણ સરકાર માન્ય ઓળખપત્ર જોવામાં આવેલ કે કેમ ? તે રેકર્ડ ઉપર ફલીત થતુ નથી અને આ કામે પંચોની રૂબરૂમાં આરોપીની ઓળખ કેવી રીતે કરેલ તે બાબતે પણ પંચનામામાં કંઈ સ્પષ્ટ જણાઈ આવતુ નથી અને ફકત જે વખતે કહેવાતા આરોપીની અટક કરેલ હતી તે સમયે આરોપીનું નામ જણાવેલ હતુ તે સિવાય કોઈ પુરાવો રેકર્ડ પર આવતો નથી જેથી જે ધ્યાને લેતા ઉપરોકત પંચ સાહેદો કે જે આ કામે એકમાત્ર સ્વતંત્ર સાહેદ છે, તેઓ ફરીયાપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા ન હોય આ કામે ઉપરોકત આંક–૧૫ થી રજુ

થયેલ પંચનામુ બીનપુરવાર રહેલ છે.

તેવા સંજોગોમાં નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા આપવામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

**2016(4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT(SHIKH) & others**

> ***"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper"***

વધુમાં આ કામના ફરીયાદ આપનાર ફરીયાદી એ.એસ.આઇ. સલબીન્દરસિંહ નિરંજનસિંઘ બ.નં. ૮૦૫ મરણ ગયેલ હોય તે રેકર્ડ ઉપર આવેલ છે જેથી તેઓ મરણ ગયેલ હોય તેમનો પુરાવો આ કામે નોંધી શકાયેલ નથી પણ ફરીયાદપક્ષે પડેલ પુરાવો જોઇએ તો, આ કામે આંક–૧૨ થી સાહેદ દિનેશભાઇ સુપડીયાભાઇ તડવી તથા આંક–૧૭ થી ત.ક.અ. પી.એસ.આઇ. ભગવંતસિંહ હરીસિંહ રાઠોડને તપાસેલા છે અને આ કામે પુરાવામાં આંક–૧૩ થી ફરીયાદ રજુ રાખેલ છે. આ સાહેદો પોલીસ સાહેદો છે અને તેઓએ ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. સાહેદ દિનેશભાઇના પુરાવા મુજબ તેઓએ એ.એસ.આઇ. સલબીંદર સીંહની ફરીયાદ નોંધી આગળની તપાસ બી.એચ. રાઠોડને સોપેલી તે જણાવે છે. આ સાહેદ તેમની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે, તેઓએ માત્ર ફરીયાદ દાખલ કરેલ હતી તે સિવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી અને આ કામના પંચો ઘણા કેસોમાં રહે છે. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીની ઉલટ તપાસ જોઇએ તો તેઓ એ કબુલ કરે છે કે, બનાવવાળા રોડ પર સતત વાહનોની અવર જવર ચાલુ રહે છે અને આ કામના પંચો ઘણા બધા કેસોમાં પંચો તરીકે રહે છે તેમ છતા પણ આ કામના પંચો જેમના રૂબરૂમાં આંક–૧૫ વાળુ પંચનામુ કરવામાં આવેલુ છે તે પંચનામાની કોઇપણ હકીકતને સમર્થન આપતા નથી. વધુમાં આ સાહેદના મુજબ તે તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ હતુ કે, આરોપીને અટક કરતી વખતે કે આરોપીને પકડવામાં આવેલ તે વખતે આરોપીનું સરકારી માન્યતા પ્રાપ્ત દસ્તાવેજન ચકાસણી કરવામાં આવેલી હતી કે કેમ

? પણ આ કામે ફરીયાદ જોતા તેમાં આરોપી બનાવ વખતે આરોપીની ધરપકડ કરવામાં આવેલી ન હતી અને તે બનાવ જગ્યાએથી દુરથી પોલીસ વાળાને જોઇને ત્યાંથી ભાગી ગયેલ હતો જેથી આરોપીની ઓળખાણ કંઇ રીતે થયેલ હતી તે બાબતે કશુ જણાવતા નથી પણ આ કામે વાહનના ડ્રાઈવરની બાજુમાં બેસેલ માણસો હાલનો આરોપી વિપુલભાઇ ત્યાં પકડાય ગયેલ હતો પણ તે આ કામે શું રોલ ભજવેલ હતો તે તેમની જુબાનીમાં આવતુ નથી અને તે આરોપી કોર્ટમાં હાજર હોવા છતા પણ તેમને ઓળખી બતાવેલ ન હતો જેના કારણે પણ શંકા ઉદભવ થાય છે કે હાલના આરોપી તેજ આરોપી હતા કે કેમ ? ફરીયાદ આપનાર ફરીયાદી એ.એસ.આઇ. સલબીન્દરસિંહ નિરંજનસિંઘ બ.નં. ૮૦૫ મરણ ગયેલ હોય તે રેકર્ડ ઉપર આવેલ છે અને તે રીતે આંક–૧૨ થી બીજા પોલીસ સાહેદ દિનેશભાઇને તપાસવામાં આવેલા છે જે તેમની જુબાનીમાં આ કામના બીજા આરોપી સ્થળ ઉપરથી ભાગી ગયેલા હોય અને આરોપી જગદીશભાઇ સ્થળ ઉપર પકડાયેલા હોય તે જણાવે છે પણ તેમના ધ્વારા પણ આરોપી કોર્ટમાં હાજર હોવા છતા ઓળખી બતાવેલા નહી અને તેમની ઉલટ તપાસમાં ફરીયાદ દાખલ કરેલી હોય બીજી કોઇ કામગીરી કરેલ નહી તે જણાવે છે જેથી એ.એસ.આઇ. સલબીન્દરસિંહ નિરંજનસિંઘ બ.નં. ૮૦૫ ફરીયાદી હતા કે કેમ ? અને તે બાબતનો કોઇ પણ ખુલાસો રેકર્ડ ઉપર આવતો નથી. આમ, આ સાહેદની જુબાનીને સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી.

વધુમાં સદર કામે રેકર્ડ ધ્યાને લેતા, આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો કે જેઓ રૂબરૂ આરોપીઓના કબજાની ગાડીમાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો પરપ્રાંતીય દારૂ મળી આવેલ આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે ત્યારે તેઓ પંચો પોતાની રૂબરૂ સદર પંચનામુ થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરે છે તેજ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતા તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે ત્યારે આ કામે જો નામદાર ગુજરાત હાઇકોર્ટના **દિલીપ સાન્શી વિ. સ્ટેટ ઓફ ગુજરાત**નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે,

"In absence of specific evidence from technical expert, say, FSL and in the absence of specific evidence regarding quality and quantity of muddamal and in the absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in the

absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, it is difficult to confirm the conviction of the a person.”

જેઓ સાહેદ તથા ત.ક.અ. સાથે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ હોવાની હકીકત ફલીત થાય છે. જયારે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીના કબજાના વાહનમાંથી જાહેરમાંથી વગર પાસ પરમીટનો પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે અને ગુન્હો બન્યાનો સમય ધ્યાને લેતા ગુનાવાળી જગ્યા જાહેર જગ્યા હોય ત્યાં માણસોની હાજરી હોવાની શકયતા સ્વાભાવિક જણાય છે, તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઇ વ્યાજબી કારણ રેકર્ડ જોતા ફલિત થતુ નથી તેમજ આ કામે મુદ્દામાલ મળી આવેલ હોવાનું માની લેવામાં આવે તો પણ બનાવવાળી જગ્યાએ જે વાહનમાંથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તેની માલીકી આરોપીઓની હતી કે કેમ ? તો આ કામે આરોપી નં.૧ નયનભાઇ પાસે પોલીસવાળા કેવી રીતે પહોંચેલા તે બાબતે પોલીસ સાહેદોએ કંઇ પણ પોતાની જુબાનીમાં જણાવેલ નથી કે આરોપી નં.૨ ની રૂબરૂમાં તેમની ઓળખ પરેડ કરાવેલ હોય કે ઓળખાણ કરાવેલ હોય તે પણ રેકર્ડ ઉપર આવતુ નથી. આ કામે આરોપીઓ તે ગાડીના માલીક હતા નહી તો આરોપીઓ દારૂ ખરીદનાર હતા કે વેચાણ કરનાર હતા કે લેનાર હતા તે બાબતે કોઇ પણ પુરાવો રેકર્ડ ઉપર કે પોલીસ સાહેદોની જુબાનીમાં ઉલ્લેખ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે પોલીસ સાહેદોની જુબાની જોવામાં આવે તો પંચો તેમજ પોલીસ સાહેદોની અસરપરસ અંગઝડતી કરેલ ન હોવાનું જણાય છે.

વધુમાં ધી પ્રોહીબિશન એકટની કલમ–૧૧૬(બી) મુજબ જયારે કોઇ વ્યકિત સામે ગેરકાયદે પ્રોહીબિશન મુદ્દામાલ એટલે કે, દારૂ તેના પઝેશનમાં રાખવા અંગેના ગુનાનો આક્ષેપ હોય ત્યારે તેવો મુદ્દામાલ જો સીલ બોટલો હોય અને તેની ઉપર કયા પ્રકારનો દારૂ છે તે જણાવેલ હોય અને તેના ઉત્પાદકનું નામ અંકિત કરેલ હોય ત્યારે તે વ્યકિતએ ગેરકાયદેસર તેવો પ્રોહીબિશન અંગેનો મુદ્દામાલ દારૂ તેના કબજામાં રાખેલ છે તેવુ અનુમાન થઇ શકે. પ્રસ્તુત કેસમાં કરવામાં આવેલ પંચનામુ કે ફરીયાદ જોવામાં આવે તો તેમાં જે બ્રાન્ડનો જે તે પ્રકારનો ઇંગ્લીશ દારૂ મળી આવેલ હોવાનું તે સીલ કરી કબજે કરેલ

હોવાનો ઉલ્લેખ કરેલ છે, પરંતુ સદર કામે ફરીયાદપક્ષે સદર પંચનામામાં કે ફરીયાદમાં તેવી બોટલો કલમ–૧૧૬(બી) મુજબ કબજે કરેલ બોટલો સીલબંધ હાલતમાં હતી કે કેમ ? અને તેના ઉત્પાદકનું નામ ઠામ લખેલ હતુ કે કેમ ? તે અંગે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ નથી પરંતુ પંચનામામાં બોટલો ઉપર બ્રાન્ડ નેમ જણાવેલ છે, તે બાબતે ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ હોય કે તેને તપાસેલા હોય તેમ જણાય આવતુ નથી.

વધુમાં આ કામે તપાસ કરનાર અમલદારની જુબાનીમાં આંક–૧૮ થી એફ.એસ.એલ. રીપોર્ટ રજુ થયેલ છે અને તે મુજબ આ કામે પ્રોહી. મુદ્દામાલ દારૂ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે પણ આ કામે આંક–૧૫ વાળુ પંચનામુ જોવામાં આવેલ તો તા.૧૧/૦૭/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે પણ આંક–૧૮ વાળુ એફ.એસ.એલ. રીપોર્ટ જોવામાં આવે તો તેમાં મુદ્દામાલ એફ.એસ.એલ. માં મળી આવ્યા તા.૨૪/૦૭/૨૦૧૯ જેથી તે મુદ્દામાલ એફ.એસ.એલ.માં ૧૩ દિવસ મોડેથી મોકલેલ હોય તે રેકર્ડ ઉપર આવે છે. વધુમાં આ એફ.એસ.એલ. રીપોર્ટમાં ત્રણ બોટલો ત્યાં મળેલી હોય તે લખેલુ છે પણ જો આ કામે આંક–૧૫ વાળુ પંચનામુ જોવામાં આવે તો તેમાં બે બોટલો, ટીન એફ.એસ.એલ.માં મોકલેલ હોય તે રેકર્ડ ઉપર આવે છે જેના કારણે પણ એફ.એસ.એલ.માં મુદ્દામાલ મોકલ્યા બાબતે તફાવત રેકર્ડ ઉપર આવે છે અને તે બાબતે કોઈ પણ પોલીસ સાહેદ કે તપાસ કરનાર અધિકારીની જુબાનીમાં કયો મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ હતો અને કયા કારણથી મોડેથી મોકલવામાં આવેલ હતો તેનો કોઈ ખુલાસો રેકર્ડ ઉપર આવતો નથી જેના કારણે પણ એફ.એસ.એલ. રીપોર્ટ તથા જપ્ત કરેલ મુદ્દામાલ બાબતે તફાવત રેકર્ડ ઉપર આવે છે. વધુમાં આ કામે સદરહુ પ્રોહી. મુદ્દામાલ આરોપીઓના કબજા ભોગવટામાંથી મળી આવેલ હોવાનું ફરીયાદપક્ષે પુરવાર કરવુ જોઈએ. ફરીયાદપક્ષે કોઈ તટસ્થ સાહેદોને તપાસેલા નથી જેથી એક વખત માની લઈએ કે આ પ્રોહી. મુદ્દામાલ જ હતો તો પણ તે આરોપીના કબજામાંથી મળી આવેલ ન હોય તેથી આરોપીઓને આ ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં, આ કામે પોલીસ સાહેદોની જુબાની જોવામાં આવે તો તેમના મુજબ આ કામે જપ્ત વાહનમાંથી દારૂ પકડવામાં આવેલ હતો પણ પંચનામુ જોવામાં આવે તો તે વાહનમાંથી દારૂ કબજે કરવામાં આવેલ હતો તે આ કામે પંચો હોસ્ટાઈલ થવાના કારણે પંચનામુ પુરવાર થતુ નથી પણ આરોપી ધ્વારા આ કામે કોઈ પણ જગ્યાએ પોલીસ વિરૂધ્ધ

એવો કોઈ આક્ષેપ નથી કે, જેમાં પોલીસ ધ્વારા તેમને ખોટા કેસમાં આરોપી બનાવેલા હોય કે તે આરોપીને ખોટા કેસમાં સંડોવવા માટે તે દારૂ તેમના વાહનમાં મુકેલ હોય અને ત્યારબાદ તેમના ઉપર કેસ ઉભો કરેલો હોય પણ જયાં સુધી આરોપીના કબજામાંથી દારૂ મળેલાનું પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીને શંકાનો લાભ મળી શકે, પણ વાહનમાં દારૂ પકડાયેલ હતો તે રેકર્ડ ઉપર આવે છે. જેથી વાહનમાં દારૂ હતો તે પુરવાર થાય છે પણ આરોપીના કબજામાં દારૂ મળેલો તે પુરવાર થતુ નથી. આ કામે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (એમેન્ડેટ ૨૦૧૭)ની કલમ-૯૮(૨) જોવામાં આવે તો તેના મુજબ *૯૮(૨) પેટા કલમ-૧ હેઠળ જપ્ત થવાને પાત્ર કોઈ ચીજ જેમાં મળી આવે તે વાસણ, દાગીનો અથવા બારદાન અને આવા પાત્ર, દાગીના અથવા બારદાનમાંની બીજી ચીજો, અને એવી કોઈ ચીજ લઈ જવા માટે વપરાયેલા પશુ, ગાડા, વહાણો અથવા બીજા વાહનો પણ તે જ રીતે કોર્ટના હુકમથી જપ્ત થવાને પાત્ર થશે, (પણ જપ્ત થયેલો દારૂનો જથ્થો નિયમોથી ઠરાવવામાં આવે તેનાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુકત કરી શકાશે નહી.)*

*વધુમાં, આ કામે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (એમેન્ડેટ ૨૦૧૭)ની કલમ-૯૯ જોવામાં આવે તો તેના મુજબ આ અધિનિયમ હેઠળના ગુના માટેની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન, પુર્વવર્તી કલમ હેઠળ કોઈ ચીજ સરકાર દાખલ થવાને પાત્ર છે એવો કોર્ટ નિર્ણય કરે, ત્યારે તે ચીજ ઉપર કોઈ હકકનો દાવો કરતી કોઈ વ્યકિત હોય, તો તેને સાંભળ્યા પછી અને પોતાના દાવાના સમર્થનમાં કાંઈ પુરાવા તે રજુ કરે, તો તે સાંભળ્યા પછી, કોર્ટ સરકાર દાખલ કરવાનો હુકમ કરી શકશે અથવા કેફી પદાર્થ, ભાંગ-ગાંજો, મહુડા અથવા કાકવી સિવાયની બીજી કોઈ ચીજની બાબતમાં, તે સરકાર દાખલ કરવાને બદલે, કોર્ટને યોગ્ય લાગે તેવો દંડ આપવાની છુટ માલીકને આપી શકશે.*

*પરંતુ કોઈ પશુ, ગાડા, વહાણ અથવા બીજા સાધનનો માલીક કોર્ટને એવી ખાતરી કરાવી આપે કે ગુનો થતો અટકાવવા માટે તેણે યોગ્ય સંભાળ લીધી હતી, તો તેવા પશુ, ગાડા, વહાણ, વાહન અથવા બસજું સાધન સરકાર દાખલ કરવામાં આવશે નહી.*

આ વાત સાબિત કરવાનો બોજો વાહન માલીક ઉપર છે જેમાં પોલીસ ધ્વારા જે વાહન કબજે કરવામાં આવેલ હતુ અને તેમાં દારૂ મળેલ હતો તે વાહનમાં આ પ્રકારનો

ગુનો જેમાં દારૂની હેરાફેરી ચાલતી હતી કે તે વાહનમાં દારૂ મળેલ હતો તે પ્રકારનું કોઇ કામ ન કરતા હતા તે બાબતે તેમના ધ્વારા પુરજોશમાં પ્રયત્ન કરેલ હતા અને તેની ખાતરી પણ કરેલ હતી પણ આ બાબતનો કોઇ પુરાવો આરોપી કે વાહન માલીક ધ્વારા કોર્ટમાં રજુ કરવામાં આવેલ નહી.

આ કામે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે કહેવાતો દારૂનો વાંધાજનક મુદ્દામાલ અંગેનો જે રીતે ફરીયાદીનો કેસ છે તે પ્રમાણે આરોપીના સભાન અને પ્રત્યક્ષ કે પરોક્ષ કબજામાં મળી આવેલ હોવાનું નિ:શંકપણે સાબિત થવુ જરૂરી છે. જો એક વખત આરોપીનો કોઇપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછી ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૧૦૩ પ્રમાણે સાબિતીનો બોજો આરોપી ઉપર જાય છે પરંતુ હાલના કેસમાં દલીલો ખાતર એકવાર કહેવાતુ ઉપરોકત પંચનામુ સાબિત થયેલુ માની પણ લઇએ તો પણ જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલ છે તે વાહન આરોપીની માલીકી કે કબજા ભોગવટાનું હોય તેવુ બતાવતો કોઇ જ પુરાવો આ કામે રજુ નથી. વધુમાં, આરોપીના વાહનનો કોઇ પણ માલીકીનો પુરાવો જેમાં આરોપીની માલીકીનું વાહન હોય તે બાબતે દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ હોય તેવુ બનેલ નથી. આમ, વાંધાજનક મુદ્દામાલનો આરોપીનો કબજો હોય તેવુ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી. આ કામે અન્ય કોઇ આજુબાજુવાળાના જવાબ પણ લીધેલા નથી જેથી આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા, જયારે આ કામના એકમાત્ર સ્વતંત્ર સાહેદ જ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન આપતા ન હોય, અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ ન હોય, આરોપીના સભાન કબજામાંથી કહેવાતો દારૂનો મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય અને આ કામે અન્ય સાહેદોને તપાસવામાં આવે તો પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો આવવાની શકયતા જણાતી નથી. આમ, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઇઓ મધ્યે નજર રાખતા આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકતા ન હોય તેમજ ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટનું અવલોકન ધ્યાને લેતા હાલના કેસમાં પણ મહત્વ અને ચાવીરૂપ પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને પુરતા અને નિ:શંક પુરાવાઓથી હાલનો કેસ સાબિત કરી શકે તેમ જણાતુ ન હોય તેમજ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપી ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર ઠરતા હોવાનું આ અદાલતનું માનવુ હોય, મુદ્દા

નં.૧ નો જવાબ ''નકારમાં'' ઠરાવી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

- આ કામના આરોપી નં.(૧) **<u>નયનકુમાર ઉર્ફે નાનુભાઇ જવરસિંહ વણજારા</u>,** રહે. કૃષ્ણા સોસાયટી, પીપલોદ (સાલીયા), ગોધરા રોડ, તા.દેવગઢબારીયા, જી.દાહોદ તથા આરોપી નં.(૨) **<u>જગદીશભાઇ અમરસિંગભાઇ વણજારા</u>,** રહે. પીપલોદ (સાલીયા), ગોધરા રોડ, તા.દેવગઢબારીયા, જી.દાહોદ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમની કલમ-૬૫(એ)(ઇ),૯૮(૨),૮૧ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- મુદામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી. મુદામાલનો અપીલ સમય વિત્યાબાદ કાયદાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- મુદ્દામાલ વાહન અંગે જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને અપીલ સમય બાદ કાયમી કરવામાં આવે છે. અન્યથા સદર મુદ્દામાલ વાહનની માલીકીની ખરાઇ કરી યોગ્ય આધાર પુરાવા લઇ તેના ખરા માલીકને અપીલ સમય બાદ પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ)ની જોગવાઈ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપતાં છ માસના સમય માટે રૂા. ૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકાં રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ:૩૧મી, માહે:જુલાઇ, સને:૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

તારીખ:૩૧-૦૭-૨૦૨૬
વાઘોડીયા.

**(વિકાસ સિયોલ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વાઘોડીયા.
[યુ.આઇ.સી. નં.જીજે૦૧૩૫૭]

S.R.Tadvi